# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૯ તા.૩૦-૧૦-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ વિભાગ (MHRD) દ્વારા વર્ષ 2023-24માંUDISE વિસ્તૃત કરી ઓનલાઈન UDISE+ (Extended UDISE)કરવામાં આવેલ છે.MHRDની સૂચના અન્વયે વર્ષ 2023-24ની તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની માહિતી UDISE+ અંતર્ગત મેળવવાની થાય છે.

ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ વિભાગ (MHRD) દ્વારા વર્ષ 2018-19થી UDISE ને વિસ્તૃત કરી ઓનલાઈન UDISE+ (Extended UDISE) કરવામાં આવેલ છે.National Education Policy, 2020 અંતર્ગત 2030 સુધીમાં પ્રિ-શાળા (પૂર્વ પ્રાથમિક)થી માધ્યમિકનો 100% Gross Enrollment Ratio કરવા સુધીનો ધ્યેય સિધ્ધ કરવા તેમજ શાળા છોડી ગયેલા ડ્રોપઆઉટ બાળકોને ઓળખીને તેઓને શિક્ષણ પ્રણાલીમાં પરત લાવવાનું છે.ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા શૈક્ષણિક વર્ષ 2022-23થી UDISE+ અંતર્ગત હાલના Data Capture Format(DSF)ને Profile & Facility, Teacher અને Student એમ ત્રણ વિભાગમાં વહેચેલ છે.જેમાં ચાલુ વર્ષ સ્ટુડન્ટ વાઈસ ડેટા છે જેમાં ચાલુ વર્ષ 2023-24 માં આપની શાળાના પૂર્વ પ્રાથમિક થી ધોરણ-12 સુધીના ધોરણ ધરાવતી તમામ વિદ્યાર્થીના નામ સહિતની વિગતો શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત યુ ડાયસ સ્ટુડન્ટ મોડ્યુલમાં તમામ શાળાઓમાં ભણતાં તમામ વિદ્યાર્થીઓની promotion / Progression ની એન્ટ્રી કરવા બાબત. જે માટે આ સાથે Student Promotion Guidelines સામેલ છે .

UDISE+ અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ - ૨૩ ના વિદ્યાર્થીઓને ૨૦૨૩-૨૪માં Promote કરવાની કામગીરી પ્રગતિમાં છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી પ્રિ-પ્રાયમરી સેકશનમાં બાલવાટીકાનો સમાવેશ કરેલ હોવાથી UDISE+માં પ્રિ-પ્રાયમરી વર્ગોનું વર્ગીકરણ નીચે મુજબ થશે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રિ-પ્રાયમરી વર્ગોનું વર્ગીકરણ :- UKG/KG2/PP1 = સિનીયરકે.જી. LKG/KG1/PP2 = જુનીયરકે.જી. Nursery/KG/PP3 = નર્સરી જે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રિ-પ્રાયમરી વર્ગોનું વર્ગીકરણ :-UKG/KG2/PP1=બાલવાટિકા (ધો.-૧ થી એક વર્ગ નીચે) LKG/KG1/PP2= સિનીયર કે.જી. (ધો.૧ થી બે વર્ગ નીચે) Nursery/KG/PP3= જુનીયર કે.જી. (ધો.-૧ થી ત્રણ વર્ગ નીચે )

(૧) UDISE+ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં શાળા દ્વારા વિદ્યાર્થીઓને પ્રિ-પ્રાયમરી વર્ગ UKG/ KG2/ PP1 એટલેકે સિનીયર કે.જી.માં દર્શાવેલ હતા તે વિદ્યાર્થીઓને ૨૦૨૩-૨૪માં Promote કરવાથી ધોરણ-૧માં આવેલ છે. જેઓને ધોરણ-૧માંથી UKG/KG2/PP1એટલેકે બાલવાટિકામાં Shift કરવા અંગેની માર્ગદર્શિકા મોકલવામાં આવે છે.

(૨) શાળા દ્વારા UDISE+ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં કોઈ વિદ્યાર્થીની એન્ટ્રી કરેલ ન હોય તેવા વિદ્યાર્થીને ચાલુ શૈક્ષણિક વર્ષ ધોરણ - ૨ થી ૧૨ માં પૈકી કોઈ ધોરણમાં એન્ટ્રી કરવા માટે Form_S02_UDISE માં વિદ્યાર્થીની વિગત તથા વર્ષ ૨૦૨૨-૨૩માં એન્ટ્રી ન કરવાનું કારણ વગેરે શાળા કક્ષાએ ભરાવી તેમાં શાળાના આચાર્ય તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના સહી-સિક્કા સાથેનું પત્રક શાળા પાસેથી યુ.આર.સી /સી.આર.સી એ મેળવવાનું રહેશે.

3) વિદ્યાર્થીની બેઝીક માહિતી જેવી કે, વિદ્યાર્થીનું નામ, જન્મ તારીખ, જાતિ, આધાર નંબર તથા આધારકાર્ડ પ્રમાણે વિદ્યાર્થીનું નામ વગેરે માહિતી Update કરવા માટે Form_S03_UDISE માં વિદ્યાર્થીની નવી વિગત શાળાકક્ષાએ ભરાવી તેમાં શાળાના આચાર્ય તથા જે તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીના સહી-સિક્કા સાથેનું પત્રક શાળા પાસેથી મેળવવાનું રહેશે.યુ.આર.સી કક્ષાએથી Student Moduleમાં Login કરી Admin Panel બટન પર Click કરી Student Demographic Update Moduleમાં જઈ Form_S03_UDISEમાં મેળવેલ વિદ્યાર્થીની વિગત Update કરી શકશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

શાળાઓના આચાર્યશ્રીઓએ (વોર્ડ) ક્લસ્ટરના યુ.આર.સી /સી.આર.સી કો.ઓ નો સંમ્પર્ક કરી શાળાએ યુ-ડાયસ ફોર્મની ઓનલાઈન એન્ટ્રી માટે શાળાનો યુઝર આઈ.ડી. તથા પાસવર્ડ લઈ તમામ મોડ્યુલમાં એન્ટ્રી કરવાની રહશે આપની શાળાનો યુઝર તથા પાસવર્ડ સી.આર.સીકો.ઓ જોડેથી મેળવી https://udiseplus.gov.in/પર ઓનલાઈન એન્ટ્રી શાળાના આચાર્યશ્રીએ તા.15/11/2023 સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

સદર અંગે આપશ્રીને જણાવવાનું કે ચાલુ વર્ષ 2023-24માં આપના જિલ્લાની ધોરણ-1 થી 8 પૈકીના ધોરણ ધરાવતી તમામ શાળાઓની માહિતી UDISE+અંતર્ગત મેળવવા જણાવવામાં આવે છે. તમામ શાળાઓના આચાર્યશ્રીએ UDISE+ ફોર્મની ફરજીયાત માહિતીની ઓન લાઈન એન્ટ્રી માટે આથી સૂચના આપવામાં આવે છે.

સદર ડાયસ ફોર્મ અંગે ની માહિતી યુ-ડાયસ ફોર્મમાં માહિતી આપવાની જવાબદારી શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે. તમામ શાળાઓએ ભરેલ યુ-ડાયસ ફોર્મની હાર્ડકોપીમાં આચાર્યના સહી-સિક્કા સાથે જે તે ક્લસ્ટરના સી.આર.સી ને જમા કરાવવાનું રહશે.

તા.૩૦-૧૦-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી